# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)
ESTD - 2007


જા. નં. : જીટીયુ/હસબ/પરિપત્ર/૨૦૧૬-૧૭/૫૫૯ પરીક્ષા ફી તથા અન્ય રકમો યુનિવર્સીટી ખાતે જમા કરવા બાબત

## પરિપત્ર :

૨૭.૦૧.૨૦૧૭

યુનીવર્સીટીનાં બેંક ખાતામાં વિવિધ સંલગ્ન સંસ્થાઓ, તજજ્ઞો, વિદ્યાર્થીઓ વિગેરે દ્વારા રોજબરોજ વિવિધ પરીક્ષાઓ અંગેની ફી, એફીલીએશન ફી તથા અન્ય રકમો એસ. બી. આઇ. કલેક્ટ ઓનલાઈન ફેસીલીટી દ્વારા રકમ જમાં કરાવવામાં આવે છે. આ અંગે કેટલાક સંજોગોમાં બેંકની તકનીકી ખામીનાં કારણોસર રકમ જમાં કરાવવા અંગે જમાં કરનારને મુશ્કેલી અનુભવાય છે. હાલમાં પણ બેંકની ટેકનીકલ ખામીનાં કારણોસર રોકડ દ્વારા ચલણથી પૈસા જમાં કરાવવા અંગે મુશ્કેલી ઉભી થયેલ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તથા આર. બી. આઈ.ની ગાઈડલાઈન મુજબ રોકડ વ્યવહાર ઓછા કરી બેંક ટ્રાન્સફર, એન. ઈ. એફ. ટી., આર. ટી. જી. એસ., કાર્ડથી પેમેન્ટ, ડીમાંડ ડ્રાફ્ટ/ચેક/વોલેટ/ બડીથી પેમેન્ટ થાય તે ધ્યાને લેતાં આથી તમામ સંસ્થાઓને/વિદ્યાર્થીઓને/તજજ્ઞો વિગેરે નીચે મુજબનાં વિવિધ વિકલ્પો દ્વારા રકમ જમાં કરાવવા જણાવવામાં આવે છે.

૧) તમામ કિસ્સાઓમાં એસ. બી. આઈ. કલેક્ટ ઓનલાઈન ફેસીલીટી મુજબ ફી અંગેનું નિયત હેડ વિગેરે જેવી પ્રારમ્ભિક તમામ માહિતી સબમિટ કરી ચલણ જનરેટ કર્યા બાદ જુદા જુદા વિકલ્પો જેવાકે બેંક ટ્રાન્સફર, ઓનલાઈન ટ્રાન્સફર (એન.ઈ.એફ.ટી./ આર. ટી. જી. એસ.), એસ.બી.આઈ. બડી, એસ. બી. આઈ. વોલેટ , કાર્ડ પેમેન્ટ વિગેરે જેવા વિકલ્પોની પસંદગી કરી રકમ જમાં કરાવી શકાય છે,

૨) જે વિદ્યાર્થીઓ/સંસ્થાઓ/તજજ્ઞો વિગેરે મુદ્દા નંબર ૧માં જણાવ્યાં મુજબ ચુકવણી કરી શકે તેમ ના હોય તો તેઓ એસ. બી. આઈ. બ્રાંચ ઓપ્શન દ્વારા નીચે મુદ્દા નંબર ૩ અને ૪મા દર્શાવ્યા મુજબ પેમેન્ટ કરી શકે છે.

૩) એસ. બી. આઇ. બ્રાંચથી રકમ જમાં કરાવનાર સંસ્થાઓ/વિદ્યાર્થીઓ/તજજ્ઞો વિગેરેનું બેંક ખાતું જો એસ. બી. આઈ. બેંકમાં હોય તેવા કિસ્સાઓમાં એસ. બી. આઇ. કલેક્ટ ઓનલાઈન ફેસીલીટી મુજબ ફી અંગેનું નિયત હેડ વિગેરે જેવી પ્રારમ્ભિક તમામ માહિતી સબમિટ કરી ચલણ જનરેટ કરી પ્રિન્ટ મેળવી ડીયુ નંબર દર્શાવતાં ચલણ સાથે "ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી"નાં નામનો ચેક બનાવી એસ. બી. આઈ.ની કોઈ પણ શાખામાં જમાં કરાવી શકાય છે,

૪) એસ. બી. આઈ. બેંક ઓપ્શનથી રકમ જમાં કરાવનાર સંસ્થાઓ/વિદ્યાર્થીઓ/તજજ્ઞો વિગેરેનું બેંક ખાતું એસ. બી. આઈ. સિવાયની અન્ય કોઈ બેંકમાં હોય તેવા કિસ્સાઓમાં એસ. બી. આઇ. કલેક્ટ ઓનલાઈન ફેસીલીટી મુજબ ફી અંગેનું નિયત હેડ વિગેરે જેવી પ્રારમ્ભિક તમામ માહિતી સબમિટ કરી ચલણ જનરેટ કરી પ્રિન્ટ મેળવી તે ચલણ સાથે કોઈ પણ એસ.બી.આઈ. બેંકની શાખા માંથી "ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી"નાં નામનો ડીમાંડ ડ્રાફ્ટ (પેએબલ એટ અમદાવાદ) બનાવી એસ. બી. આઈ.ની કોઈ પણ શાખામાં ચલણ સાથે જમાં કરાવી શકાય છે,

૫) કોઈ ટેકનીકલ કે વહીવટી કારણોસર ઉપર ક્રમ નંબર ૧ થી ૪ માં દર્શાવ્યા મુજબ ફી ના ભરી શકાતા તે અંગેના કારણો સહિતની સ્પષ્ટતા જરૂરી આધારો સાથે અન્ય તમામ કિસ્સાઓમાં યુનીવર્સીટીને ચુકવવાની થતી રકમનો "ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી" નાં નામનો ડીમાંડ ડ્રાફ્ટ (પેએબલ એટ અમદાવાદ) બનાવી રૂબરૂમાં યુનીવર્સીટીનાં ચાંદખેડા કેન્દ્ર ખાતે સંલગ્ન વિભાગમાં જમાં કરાવવાનો રહેશે.

ઈ/ચા. કુલસચિવ

નકલ રવાના : (જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ)

૧. આચાર્યશ્રી, તમામ કોલેજો જીટીયુ,
૨. પરીક્ષા વિભાગ (તમામ શાખાઓ),
૩. આંતરિક અન્વેષણ અધિકારી,
૪. હિસાબી શાખા.